પ્રાપ્તિ તારીખ : ૧૯/૧૨/૨૦૧૮

નોંધણી તારીખ : ૧૯/૧૨/૨૦૧૮

નિર્ણય તારીખ : ૨૪/૦૪/૨૦૨૬

અવધિ : વર્ષ – માસ – દિન

૦૭– ૦૪– ૦૫

**પલસાણાના મહે. એડીશ્નલ સિવિલ જજ સાહેબની કોર્ટમાં, મુ.પલસાણા.**

**રેગ્યુલર દીવાની મુકદમા નંબર–૦૩/૨૦૧૮**

**આંક–**

**વાદી** :–(૧) **ગૌરીબેન ઉર્ફે તારાબેન તે લલ્લુભાઈ જીવણભાઈ મેસુરીયાની પુત્રી તથા દિલીપભાઈ ખુશાલભાઈ મૈસુરીયાની પણયાણી**

ઉ.આ.વ. ૬૧, ધંધો : ઘરકામ, ધર્મ : હિન્દુ.

ADD. 152. A–Boundary, Road, Block house Bay Auckland, Newzealand

હે.મુ.પો.સુરાલી–મઢી, માર્કેટ યાર્ડની પાછળ, તા બારડોલી, જી સુરત.

(૨) **મનિષભાઈ બાબુભાઈ મૈસુરીયા પોતે તથા વાદી નં.૧ ના કુલમુખત્યાર**

ઉં.આ.વ. ૪૫, ધંધો : ખેતી, ધર્મ : હિન્દુ.

હે.મુ.પો. સુરાલી–મઢી, માર્કેટ યાર્ડની પાછળ, તા.બારડોલી, જી.સુરત.

**વિરુદ્ધ**

પ્રતિવાદી :- (૧) **ઠાકોરભાઈ લલ્લુભાઈ મેસુરીયા**

ઉ.આ.. :૮૫, ધંધો: નોકરી, ધર્મ : હિન્દુ

ADD: 11, GILBERT AVE GREY LYNN,

AUCKLAND, NEW ZEALAND

(૨) **પનસખભાઈ લલ્લુભાઈ મૈસુરીયા**

ઉ.આ.વ :૫૬, ૫પો : નોકરી, ધર્મ : હિન્દુ

ADD. 15, A FOTIE PLACE GLENDENE,

AUCKLAND, NEW ZEALAND 0600

(૩) **મહેશભાઈ તે નગીનભાઈ લલ્લુભાઈ મેસુરીયાનો પુત્ર**

ઉ.આ.વ. ૫૨, પંપો : નોકરી, ધર્મ : બિન્દુ

ADD: 104, POINT ENGLAND ROAD,

POINT, ENGLAND AUCKLAND

(૪) **રાજેન્દ્રભાઈ ઉર્ફે રાજુભાઈ તે નગીનભાઈ લલ્લુભાઈ મૈસુરીયાનો પુત્ર**

ઉ.આ.વ. :૫૦, ધંધો : ખેતી,પર્મ : હિન્દુ

રહે,મુ.પો.: કડોદરા, તા : પલસાણા, જી.સુરત

(૫) **શીલાબેન તે નગીનભાઈ લલ્લુભાઈ મૈસુરીયાની પુત્રી**

ઉ.આ.વ. :૪૭, ધંધો : ખેતી, ધર્મ : હિન્દુ

રહે,મુ.પો.: કડોદરા, તા : પલસાણા, જી. સુરત

(૬) **રેખાબેન તે નગીનભાઈ લલ્લુભાઈ મેસુરીયાની પુત્રી**

ઉ.આ.વ. ૪૫, ધંધો : ખેતી, ધર્મ : હિન્દુ

રહે,મુ.પો. : કડોદરા, તા : પલસાણા, જી.સુરત

(૭) **સુનિલભાઈ તે નગીનભાઈ લલ્લુભાઈ મેસુરીયાનો પુત્ર**

ઉ.વ. : ૪૨, પંધી : નોકરી, ધર્મ : હિન્દુ

ADD: 3/19 HOUGHTON STREET,

MEUDOWBANK AUCKLAND NEW

ZEALAND

(૮) **અતુલભાઈ તે ચંદુભાઈ તથા ભીખીબેન વલ્લુભાઈ મેસુરીયાનો પુત્ર**

ઉ.આ. :૫૪, ધંધો : ખેતી,ધર્મ : હિન્દુ

રહે : ૭, સત્યમ, લુન્સી કુઈ મેદાનની સામે, પુષ્પક સોસાયટી, નવસારી

(૯) **બળવતભાઈ તે ચંદુભાઈ તથા ભીખીબેન લલ્લુભાઈ મેસુરીયાની પુત્ર**

ઉ.આ.વ : ૫૦, પંપો : ખેતી,ધર્મ : હિન્દુ

રહે : એજનના

(૧૦) **તારાબેન તે ચંદુભાઈ તથા ભીખીબેન લલ્લુભાઈ મૈસુરીયાની પુત્રી**

ઉ.આ.વ. :૫૬, ધંધો : ખેતી,ધર્મ : હિન્દુ

રહે: એજનના

(૧૧) **ભારતીબેન તે ચંદુભાઈ તથા ભીખીબેન લલ્લુભાઈ મૈસુરીયાની પુત્રી**

ઉ.આ વ : ૫૮, પંધો : ખેતી,ધર્મ : હિન્દુ

રહે: એજનના

(૧૨) **બીપીનભાઈ તે ચંદુભાઈ તથા ભીખીબેન લલ્લુભાઈ મૈસુરિયાનો પુત્ર**

ઉ.આ.વા. : ૫૨, પધો : ખેતી, ધર્મ : હિન્દુ

રહે,એજનના

(૧૩) **રમેશચંદ્ર નાનચંદ શાહ** (આંક–૪૦ ના હુકમ મુજબ સુધારો કર્યો)

ઉ.આ વ. : ૬૬, પંધી : ખેતી, ધર્મ : હિન્દુ

રહે, : નવકાર, મેઈન બજાર, ગામ: કીમ, તા: ઓલપાડ, જી સુરત

મર્હુમ પ્રતિવાદી નં. ૧૩ ના કાયદેસરના વારસદારો :–

(૧૩/૧) **ચિરાગ તે રમેશચંદ્ર નાનુભાઈ ઉર્ફે નાનચંદ શાહનો પુત્ર**

ઉ.આ.વિ.પુખ્તવયના, ધંધો : વેપાર, ધર્મ હીન્દુ,

રહે. એ૭૦૬, શંખેશ્વર કોમ્પ્લેક્ષ, કૈલાસનગર, સગરામપુરા, સુરત

(૧૩/૨) **રચના તે રમેશચંદ્ર નાનુભાઈ ઉર્ફે નાનચંદ શાહની પુત્રી અને વિશાલ રવીન્દ્રભાઈ સીધીની પત્ની**

ઉ.વ.પુખ્તવયના, ધંપો : ઘરકામ, પર્મ હીન્દ

રહે ૧૦૦૩, સનટાવર, આર્શિવાદ પેલેસ નજીક, જીવકોર નગર, ભટાર, સુરત.

(૧૩/૩) **સારિકા તે રમેશચંદ્ર નાનુભાઈ ઉ 5 નાનચંદ શાહની પુત્રી અને હિતેશ બાબુલાલ શાહની પત્ની**

ઉ.આ.વિ.પુખ્તવયના, ધંધો : ઘરકામ, ધર્મ હીન્દુ,

રહે. બી–૨૦૪, સામર્થપ પ્રિમીયમ, સિધ્ધાસલ વાટીકાની સામે, સાબરમતી, અમદાવાદ.

(૧૩/૪) **પિનલ તે રમેશચંદ્ર નાનુભાઈ ઉ 5 નાનચંદ શાહની પુત્રી અને ભાવેશ શુકનરાજ જેનની પત્ની**

ઉ.આ.વ.પુખ્તવયના, ધંધો : પરકામ, ધર્મ હીન્દુ,

રહે. ૬૦૨, વિશાલ ટાવર, લવ લેન, મજગાવ, મુંબઈ

(૧૩/૫) **ભુમિકા તે રમેશચંદ્ર નાનુભાઈ ઉર્ફે નાનચંદ શાહની પુત્રી અને મયુર રમેશભાઈ જૈનની પત્ની**

ઉ.આ.વિ.પુખ્તવયના, ધંધો: પરકામ, ધર્મ હીન્દુ,

રહે એ૭૦૬, રશંખેશ્વર કોમ્પ્લેક્ષ, કૈલાસનગર, સગરામપુરા,

સુરત.

(૧૪) **કાંતીલાલ નાનચંદ શાહ**

ઉ.આ.વ. – ૬૪, ધંધો : ખેતી,ધર્મ હિન્દુ

રહે, : અંજનના

(૧૫) **ભરતકુમાર નાનચંદ શાહ**

ઉ.આ વ. ૬૨, ધંધો : ખેતી,ધર્મ હિન્દુ

રહે: એજનના

(૧૬) **દિલીપકુમાર નાનચંદ શાહ**

ઉ.આ.વ. ૫૮, ધંધો : ખેતી,ધર્મ હિન્દુ

રહે: એજનના

(૧૭) **દિપકકુમાર નાનચંદ શાહ**

ઉ.આ.વ. :૫૬, ધંધો : ખેતી,પર્મ : હિન્દુ

રહે: એજનના

(૧૮) **અતુલકુમાર નાનચંદ શાહ**

ઉ.આ. ૧. : ૫૪, પંધી : ખેતી,ધર્મ : હિન્દુ

રહે: એજનના.

**દાવો :–વારસાઈ હકક ઠરાવી આપવા, દસ્તાવેજો રદ કરાવવા – ડેકલેરેશન તથા જાથુકનો મનાઈ હુકમો વિગેરે મેળવવા માટેનો આંક – રૂા. ૨,૧૭,૦૦૦/– પુરાનો**

---

**વાદી તરફે વિ. વકીલ શ્રી આર.વી.કોરાટ**

**પ્રતિવાદી તરફે નં. ૧ તથા ૨ તરફે વિ. વકીલ શ્રીએચ.એમ.શુકલા**

**પ્રતિવાદી નં.૩,૪,૫,૬,૭ તરફે વિ. વકીલ શ્રી વાય.જી.પટેલ**

**પ્રતિવાદી નં. ૧૪ થી ૧૮ તરફે વિ. વકીલ શ્રી એન.એસ. નાયક.**

---

**-:: ચુ કા દો ::-**


**(૦૧)**વાદીના દાવાની ટૂંકમાં હકીકત એવી છે કે, વાદી નં.૧ હાલમાં ન્યુઝીલેન્ડ રહીએ છીએ. અમો મુળ ભારતના નાગરીક છીએ. અમારૂ મુળ વતન સુરત જીલ્લાના બારડોલી તાલુકાનુ બામણી ગામ છે. આ દાવો કરવા માટેનું એક કુલમુખત્યારનામું અમોએ અમારા અંગત અને વિશ્વાસુ અને અમારા સગા ભત્રીજા એવા મનિષભાઈ બાબુભાઈ મૈસુરિયા નાને આપેલ છે. જેઓ પણ આ દાવાની હકીકતથી સંપુર્ણ પરી વાકેફ છે. અને તે અમારા સત્તાધીશ વ્યક્તિ છે. અમો વાદીએ લખી આપેલ કુલમુખત્યારનામું આ સાથે નિશાની ૩ /૨૩ થી રજુ કરેલ છે. દાવાવાળી જમીનમાંથી હકક હિસ્સો ઉઠાવી લેવા કે દાવાવાળી જમીનનો પાવર આપવાનો કે દાવાવાળી મિલકત કોઈ પણ રીતે ટ્રાન્સફર યા એસાઇન કરવાનો કદી પણ નિર્ણય અમોએ અમારા જીવનકાળ દરમ્યાન કરેલ ન હતો અને આજે પણ નથી. કારણ કે અમો વાદીને જ્યારે પણ ન્યુઝીલેન્ડ છોડવાનો પ્રસંગ આવે ત્યારે અમારૂ રોષ જીવન સુરત જીલ્લામાં ખેતીવાડી કરી વિતાવી શકીએ એ ખાતર અમોએ અમારી જમીન મીલકતને ટ્રાન્સફર કરવાનો વિચાર કરેલો નહી. કે મિલકતમાંથી હકક હિસ્સો જતો કરવાનો કોઈ પ્રસંગ બનેલ નહી. તેમજ વાદી નં.ર સીવાય આ અગાઉ દાવાવાળી જમીન સંબંધે કોઇને પણ પાવર ઓફ એટની આપવાનો પ્રસંગ બનેલ નથી. કે પાવર ઓફ એટની લખી પણ આપેલ નથી.

(૨) દાવાવાળી ખેતીની જમીન ડીસ્ટ્રીકટ સુરત સબ ડીસ્ટ્રીકટ તાલુકો પલસાણાના મોજેગામ કડોદરાના રે.સ.નં.૯૮, બ્લોક નં ૧૨૪ વાળી ખેતીની જમીન જેનુ કુલ

ક્ષેત્રફળ હે.આરે. ૧–૦૯–૨૭ ચો.મી. કે જેનો આકાર રૂા. ૯.૬૯ પૈસા છે. તે જમીનના અમો વાદી સહમાલીક મુખત્યાર ચાલી આવેલા.

(૩)દાવાવાળી જમીન સને–૧૯૫૪ અગાઉથી  વાદીના મર્હુમ પિતા લલ્લુભાઈ જીવશભાઈ ના કબજામાં ચાલી આવેલી અને તેઓ સદર જમીન ખેડતા હતા જેથી સદર જમીન સરકારશ્રીએ તેમને ફાળવી આપેલી. જેની ફેરફાર નોંધ નં.૩૦ રેવન્યુ દફતરે પાડવામાં આવેલી. ત્યારબાદ અમો વાદીના પિતા તા.૦૩.૧૧.૧૯૫૭ ના રોજ બિન વસીયતે ગુજરી જતા ગુજરનારના વારસદાર તરીકે અમો વાદીના માતા નામે નંદુબેન તે લલ્લુભાઈ જીવણભાઈની વિધવાનુ નામ ફેરફાર નોંધ નં ૧૩૦ તા.૨૦.૧૨ ૧૯૫૭ ના રોજ દાખલ કરવામાં આવેલુ.

(૪)ત્યારબાદ  વાદીની માતા નામે નંદુર્બન તા.૦૪.૦૫.૧૯૭૯ ના રોજ ગુજરી જતા ગુજરનારના વારસદાર તરીકે અમો વાદીનું નામ તથા પ્રતિવાદી નં.૧,૨ તથા પ્રતિવાદી ન.૩ થી ૭ના મર્હુમ વડીલ નગીનભાઈ લલ્લુભાઈનુ નામ તથા પ્રતિવાદી નં.૮ થી ૧૨ ની મર્હુમ માતા ભીબીબેનનું નામ ફેરફાર નોંધ ન.૨૪૧૨ તા.૧૮.૦૪ ૧૯૮૮ ના રોજ દાખલ કરવામાં આવેલું. તે નોંધના સમયે પણ અમે વાદી ભારતમાં હતા નહી તે બતાવવા માટે નિશાની ૩/૨૧ તથા ૩/ ૨૨ શ્રી અમારા પાસપોર્ટની નકલ રજુ કરેલ છે. આમ સદર આમ સુંદર જમીન વડીલો પાર્જીત છે. અમો વાદીને જન્મથી જ સદર જમીનમાં કો–પાર્સનર તરીકે હકક પ્રાપ્ત થયેલા છે. અમો વાદીનો પણ વારસાઈ હકક સદર જમીનમાં સમાવિષ્ટ થયેલી છે. જે હિસ્સાની કોઈ વહેંચણ કોઈ પણ રીતે મર્હુમ લલ્લુ જીવદાના શાખાના સીપીલીટીના વારસદારો વચ્ચે થયેલી નથી. આમ સદર જમીનમાં અમ વાદીનો ૧.૫ હિસ્સો ચાલી આવેલા છે. મહુમ લલ્લુભાઈ જીવણભાઈનુ પેઢીનામું નીચે મુજબ છે.



(૫.) વાદી જાન્યુઆરી–૧૯૭૭ માં ન્યુઝીલેન્ડ રહેવા ચાલી ગયેલા. ત્યારબાદ અમો વાદીના લગ્ન તા.૩૧.૦૧.૧૯૮૩ ના રોજ દિલીપભાઈ ખુશાલભાઈ મેસુરીયા સાથે જલારામ મંદિર, બારડોલી ખાતે થયેલા. જેથી અમો વાદી અમારા લગ્ન પછી અમારા સાસરે ન્યુઝીલેન્ડ રહેતા હતા આમ અમો વાદી સને–૧૯૭૭ થી વિદેશમા વસવાટ કરતા આવેલા છીએ. અને હાલમાં પણ ન્યુઝીલેન્ડ સીટીઝનશીપ ધરાવીએ છીએ.

(૬) વાદી પ્રતિ. ન.૧,૨ તથા મર્હુમ નગીનભાઈના ભરોસે અને વિશ્વાસમાં રહેલા. પ્રતિ નં ૧,૨ તથા પ્રતિ નં.૩ થી ૭ ના મર્હુમ વડીલ અમ વાદીના સગા ભાઈ થાય છે. જ્યારે પ્રતિ ન.૮ થી ૧૨ નાઓ અમો વાદીની મર્હુમ બેન ભીખીબેનના સતાનો છે. પ્રતિવાદી નં.૧ થી ૧૨ નાઓ અમો વાદી સાથે દગો–ફટકો અને વિશ્વાસપાત કરશે તેવો કોઈ વિચાર પણ અમારા જીવનકાળ દરમ્યાન કરેલો નહી. અમો વાદી પ્રતિવાદીઓના સંપુર્ણ વિશ્વાસ અને ભરોસે હતા. જેથી અમો વાદીને પ્રતિ. નં.૧,૨ તથા મર્હુમ નગીનભાઇ ઉપર વિશ્વાસ હોવાથી રેવન્યુ રેકર્ડની તપાસ કરેલી નહીં.

(૭.)આમ વાદીએ અમારા જીવનપર્યંત ૭/૧૨ની નકલ કઢાવેલી નહી. પરંતુ અમો વાદીએ અમારૂ બાકીનું શેષ જીવન ભારતમાં ગુજારવા માંગતા હોચ અને અમારા દિકરાઓના નામો અમારા નામ સાથે સદર જમીનમાં દાખલ કરાવવા માંગતા હતા જેથી સદર જમીનમાંથી અમો વાદીનો હિસ્સો અલગ કરી આપવા માંગણી કરેલી પરંતુ પ્રતિ નં.૧ થી ૧૨ નાઓ વાયદાઓ આપી સમય પસાર કરતા હોચ જેથી અમે વાદીને કંઈક ખોટું થયેલાનુ જણાઈ આવતા અમો વાદીએ ૭/૧૨ ની નકલ કઢાવવાનું કામ ફોનથી મનીષભાઈ બાબુભાઈ મેસુરીયા તથા એડવોકેટશ્રી બી.આર મેઘાણીને  સાંપેલું જેથી સદર જમીનની ૭/૧૨ તા.૦૧.૧૨.૨૦૧૭ ના રોજ તથા નોંધોની નકલો કઢાવતા અ ચાદીના નામ તથા પ્રતિ ન.૧.૨ તથા પ્રતિ ન ૩ થી ૧૨ ના મર્હુમ વડીલના નામી ગામના દફતરે જણાઈ આવેલા નહી. જેથી તરત જ હકકપત્રકની નકલ કઢાવતા પ્રતિ નં.૧.૨ તથા પ્રતિ નં.૩ થી ૭ ના મર્હુમ વડીલે સદર જમીનનુ અમો વાદીના નામનુ ખોટુ કુલમુખત્યારનામું તથા ખોટા લખાણો કરેલા હોવાનું અને આવા લખાણોના આધારે પ્રતિ નં.૧,૨ તથા પ્રતિ નં ૩ થી ૭ ના મર્હુમ વડીલે તેમના નામો રેવન્યુ દફ્તરે નોંધ ન ૬૧૩૧ થી તા.૨૭.૦૧.૨૦૦૨ ના રોજ દાખલ કરાવી દીધેલાની જાચ નોંધ ન.૬૧૩૧ નકલ તા.૦૧.૧૨.૨૦૧૭ ના

રોજ કઢાવતા જાશવા મળેલ. તેમજ નોંધ નં ૬૧૩૧ ના તુમારની નકલ તા.૧૯.૧૨.૨૦૧૭ ના રોજ મળતા અને તે વચાણે પ્રતિવાદી નં.૩ થી ૭ ના વડીલે અમો વાદીના નામનું બોગસ કુલમુખત્યારનામું ઉભું કરેલાની જાણ થયેલી તેમજ પ્રતિ નં.૧,૨ તથા ૩ થી ૭ ના મર્હુમનાએ અમો વાદીને તથા પ્રતિ ન.૮ થી ૧૨ ના મર્હુમ વડીલ ભીખીબેનને તેમનો હિસ્સો નહી જોઈતો હોવાનો ખોટા સ્ટેટમેન્ટ કરેલાનુ પણ જાણવા મળેલું. વધુમા નોંધ નં ૭૫૧૯ ની નકલ તા. ૦૧.૧૨.૨૦૧૭ ના રોજ મળતા અને જોતા પ્રતિ નં.૧,૨ તથા પ્રતિ ન ૩ થી ૭ ના મર્હુમ વડીલે સદર જમીન તેમના નામે કર્યા બાદ તા.૨૩.૦૨.૨૦૦૫ ના રોજ રજી વેચાણ દસ્તાવેજ ન.૪૨૦ થી પ્રતિ નં.૧૩ થી ૧૮ નાને વેચાણ કરી દીધેલ હોવાની હકીકત જાણવા મળેલ અને તેની રેવન્યુ દફતરે નોંધ નં ૭૫૧૯ તા ૨૬.૦૮ ૨૦૦૫ ના રોજ પડાવેલી છે. જે નોંધની નકલ પણ તા. ૦૧.૧૨.૨૦૧૭ ના રોજ અમો વાદીને મળેલી. જેથી તરત જ ભોગસ દસ્તાવેજની તથા બોગસ દસ્તાવેજની ઈન્ડેક્ષની નકલ તે જ તારીખે વાદીએ મેળવલી.

(૮) આમ પ્રતિવાદી ન.૧,૨ તથા પ્રતિ ન.૩ થી ૭ ના મર્હુમ વડીલે અમો વાદીની વારસાઈ હકકવાળી જમીનના જે દાવાવાળા દસ્તાવેજ બનાવેલા છે. તે અમારી જાણ બહાર બનાવેલા. અને અમોને અંધારામાં રાખી બારોબાર બનાવેલા, જેની ગંધ અમોને બિલકુલ આવવા દીપેલી નહી. વાદીઓના વારસાઈ હકકને નુકશાન કરતા જે ગેરકાયદેસરના દાવાવાળા દસ્તાવેજ પ્રતિવાદી મજકુરીએ એકબીજાને બનાવી આપેલા છે. તેની વિગત નીચે શિડયુલમાં આપી છે.

## <u>પ્રતિવાદીઓએ બનાવેલ દસ્તાવેજોનું શિડયુલ</u>

| ક્રમ | દસ્તાવેજનો પ્રકાર | તારીખ | દસ્તાવેજ નં. | વેચાણ અવેજ | લખી આપનાર | લખાવી લેનાર |
|---|---|---|---|---|---|---|
| ૧ | કુલમુક્તયારનામું | ૨૬.૦૬.૧૯૯૨ | – | – | પ્રતિ નં. ૧,૨ તથા વાદી | પ્રતિ નં. ૩ થી ૭ ના મર્હુમ વડીલ |
| ૨ | હકક ઉઠાવ્યાનો કરાર | ૦૩.૦૧.૨૦૦૧ | | | વાદી તથા પ્રતિ નં. ૮ થી ૧૨ ના મર્હુમ વડીલ | પ્રતિ નં. ૧,૨ તથા ૩ થી ૭ ના મર્હુમ વડીલ |
| ૩ | કુલમુખ્ત્યારનામું | ૨૬.૦૪.૧૯૯૭ | | | પ્રતિ નં. ૮ થી ૧૨ ના મર્હુમ વડીલ | પ્રતિ નં. ૩ થી ૭ ના મર્હુમ વડીલ |
| ૪ | વેચાણ દસ્તાવેજ | ૨૨.૦૨.૨૦૦૫ | ૪૨૦ | ૨,૧૬,૦૦૦ | પ્રતિ નં. ૧,૨ તથા પ્રતિ નં. ૩ થી ૭ ના મર્હુમ વકીલ | પ્રતિ નં. ૧૩ થી ૧૮ |

ઉપરોકત દસ્તાવેજો બનાવ્યા અંગેની ખોટી એન્ટ્રીઓ પણ દસ્તાવેજો થયા બાદ ગામના દસ્તરે જે તે પ્રતિવાદીએ ગેરકાયદેસરની પડાવી લીધેલી જેની ચોકવનારી હકીકત અમો વાદીઓને ગઈ તા.૦૧ ૧૨.૨૦૧૭ ના રોજે સૌપ્રથમ વખત નકલો કઢાવતા જાણવા મળી છે. આમ પ્રતિવાદી મજકુરીએ જમીનમાં નહાખોરી કરવાના બદ–ઈરાદે તદ્ધન ખોટુ અને ગેરકાયદેસરનું કાર્ય કરેલું છે. અને તે પણ અજાર કિંમત કરતા ઓછી રકમનો અવેજ ઉપરોકત દસ્તાવેજોમાં દર્શાવીને કરેલું છે.

(૯) ખરી હકીકતમાં વાદીને કહેવાતી તા ૨૬.૦૬–૧૯૯૨ ના રોજ સદર જમીનના પાવર આપવાની કોઈ જરૂરીયાત ઉપસ્થિત થયેલી નથી કે પાવર આપવાનો પ્રસંગ બનેલ નથી. તેમજ તે કહેવાતી પાવરની તારીખે તેમજ કહેવાતી નોટરીની તારીખે અમો વાદી ભારતમાં હાજર હતા નહી. તેમજ કહેવાતા પાવરની નકલ નિશાની ૩ .૧૧ થી રજુ કરેલ છે. તેના રૂપીયા ૬૦ તથા રૂા ૫ નો સ્ટમ્પ પેપર વાદીના નામનો નથી. તેમજ સ્ટેમ્પ પેપર ખરીદવાની તા.૧૩.૦૪ ૧૯૯૨ છે. જયારે કહેવાતા પાવરની તા.૨૬.૦૬,૧૯૯૨ છે. વધુમા પાવર ઓફ એટનીના પેજ નં. ૨ પર જી. ડી. મેસુરીયાના નામની સહી થયેલી છે. તે પાના ન.૨ પરની સહી અમો વાદીન.૧ ની સહી નથી. આમ પાના નાર પરની સહી મારી જેન્યુન સહી નથી. તેમજ અમોએ મ્યુઝીલેન્ડમાં પણ પાવર ઓફ એટની કોઇને પણ લખી આપેલ નથી. વધુમાં પાવર ઓફ એટની પર ટી.એન વકીલ નોટરીના સહી સીકકા થયેલા છે. તે ૧૯૯૬ માં થયેલા છે. જયારે કહેવાતા પાવરની તા.૨૬.૦૬.૧૯૯૨ના રોજની છે. આમ પ્રતિવાદીઓએ નિશાની ૩/૧૧ વાળુ પાવર ઓફ એટની અમો વાદીની પીઠ પાછળ ઉભું કરેલુ છે. વધુમાં નિશાની ૩.તર હકક ઉઠાવ્યાનો કરાર અમોએ રજુ કરેલ છે તે જોતા અમો વાદીના કહેવાતા પાવરદાર નગીનભાઈ લલ્લુભાઈનાએ રૂા. ૫૦ ના સ્ટામ્પ પેપર ઉપર કરાર ઉભી કરેલો છે અને તે કરાર વચાકો લેતા પોતેજ પોતાના લાભમાં કરાર ઉભો કરેલો છે. તે કરારના ચિત્રમાં પણ અમો વાદી બીલકુલ નથી અને તેમાં અમારી કોઈ સહી નથી. અને તે કરાર વિશેની માહીતી પણ અમોને હતી નહી. વધુમાં મજકુર કરાર નોંધાયેલો પણ નથી.

(૧૦) વધુમાં સદર જમીનની વારસાઈની નોંધ નં.૨૪૧૨ તા.૧૮.૦૪.૧૯૮૮ ની પણ કોઈ જાણ હતી નહી કે તે સમયે પશુ અમે ભારતમાં હાજર હતા નહી. અમે

વાદીને ભારતમાં નોટરી પબ્લીક ટી.એન. વકીલ બારડોલી સમક્ષ જવાનો પણ કોઈ પ્રસંગ બનેલ નથી. તેમ છતા વારસાઈ હકકવાળી જમીનના બોગસ કરાર બોગસ જવાબો તથા ૧૩૫–ડીની નોટીસમાં બોગસ સહીઓ કરેલી છે. અને નોંધ ન.૬૧૩૧ અમો વાદીની જાલ બહાર પડાવેલી અમ વાદીને અંધારામાં રાખી બારોબાર નોંધ પડાવેલી. જેની ગંધ અમો વાદીને બિલકુલ આવવા દીધેલી નહી. અમો વાદીના વારસાઈ હકોને નુકશાન કરતા જે ગેરકાયદેસરની નોંધ પ્રતિવાદીઓએ પડાવેલી છે તે ભોગસ લખાશો એકબીજાએ એકબીજાના નામે અંદરો–અંદર જમીનમાં નહાખોરી કરવાના મદ–આશપે બનાવેલાછે. સુંદર નોંધના કામે અમો વાદીએ કોઈ સહી–સમતી આપેલ નથી. તેમજ તે નોંધના કામે જવાબમાં તેમજ ૧૩૫–ડી ની નોટીસમાં અર્મા વાદીની કોઈ સહી નથી. તેમજ અમો વાદીએ પ્રતિ નં.૧,૨ તથા પ્રતિ નં.૩ થી ૭ ના મર્હુમ વડીલને કોઈ પાવર પણ આપેલ નથી. પરંતુ ફોજર્ડ એન્ડ ફેબ્રિકેટેડ લખાણો ઊભા કરી અને કાયદા વિરૂધ્ધનો કરાર તથા જવાબ તથા ૧૩૫–ડી ની નોટીસમાં સહી કરેલ હોવાનુ અ વાદીની તપાસમાં જણાય આવેલું છે. આમ પ્રતિવાદીઓએ અમો વાદીના હકક હિસ્સો ડુબાડવા સારૂ અમો વાદીની જાણ બહાર વારસાઈ કરાવેલી. અને અમે વાદીનું નામ ગાઇ તા.૨૭.૦૧.૨૦૦૨ના રોજ કમી કરાવવા અંગેની નોંધ નં.૬૧૩૧ પડાવેલી. પરંતુ ખરેખર તે નોંધી સમયે અમર્મા વાદી ભારતમાં હતા નહીં પરંતુ વિદેશમાં હતા તેમ છતા અને વાદીના નામની બોગસ સહી કરીને અમો વાદીને ૧૩૫–ડી ની નોટીસ બજેલી છે. તેવો ઢોંગ કરીને અમો વાદીનું નામ કમી કરવામાં આવેલું. ખરેખર અમો વાદી વાદગ્રસ્ત નોંધની તા.૨૭.૦૧.૨૦૦૨ તથા પ્રમાણીત થયાની તા.૩૦.૦૬.૨૦૦૨ ના રોજ અમો વાદી ભારતમાં હતા નહી તે બતાવવા માટે અમો વાદીએ પાસપોર્ટની નકલ નિશાની ૩.૨૧ થી ૩ /૨૨ થી રજુ કરેલી છે. જે પાસપોર્ટની નકલ જોતા પ્રતિવાદીઓએ આચરેલ કોભાંડ ખુલ્લુ પડે છે.

(૧૧) સદર દાવાવાળા તમામ દસ્તાવેજી વ્યવહારો નલ એન્ડ વોઈડ છે અને ફોલ્સ અને કેબ્રિકેટેડ દસ્તાવેજો છે. જેની કોઈ કિંમત કાયદાની નજરમાં નથી અને આવા ફેબ્રિકેટેડ વ્યવહારો કરવાથી જમીનના માલીક બની જવાતુ નથી. જેથી દસ્તાવેજ રદ કરવા અંગેની લીગલ નોટીસ અ વાદીએ અમારા વકીલશ્રી મારફત તા.૨૩.૦૧.૨૦૧૮ ના રોજ પ્રતિવાદીને આપેલી. જે નોટીસની ઓફીસ અસલમત

નિશાની ૩.૧૮ થી સદર કામમાં રજુ કરેલ છે. જે નોટીસ પ્રતિવાદી નં.૧ થી ૩ તથા પ્રતિ ૧.૭ નાને આર.પી.એ.ડી.થી મોકલેલી જયારે પ્રતિવાદી નં.૪ થી ૬ તથા પ્રતિ નં.૮ થી ૧૮ નાને સ્પીડ પોસ્ટથી મોકલેલી જેના સફેદ પાવતીની નકલ નિશાની ૩ ૧૯થી રજુ કરેલી છે. જે તમામ નોટીસો પ્રતિવાદીઓને મળી ગયેલ છે તે બતાવવા માટે નિશાની ૩ ૨૦ થી પોસ્ટ ખાતાના ઓનલાઇન સ્ટેટમેન્ટની નકલ રજુ કરેલ છે. અમે વાદીએ આપેલ નોટીસ પ્રતિવાદીઓને મળી ગયેલ છે તેમ છતા પ્રતિવાદીઓએ અમો વાદીની નોટીસનો અમલ કરેલ નહી કે નોટીસનો જવાબ આપવાની તસ્દી પણ લીધેલી નહીં. પરંતુ અમો વાદીની નોટીસ પ્રતિવાદીઓને મળી જતા પ્રતિવાદીઓ અકળાયેલા છે અને તેઓને કાયદાની સાચી અને ખરી સ્થિતીનુ ભાન થતા સદર અમારી સવધુમાં સદર જમીનની વારસાઈની નોંધ નં.૨૪૧૨ તા.૧૮.૦૪.૧૯૮૮ ની પણ કોઈ જાણ હતી નહી કે તે સમયે પશુ અમે ભારતમાં હાજર હતા નહી. અમે વાદીને ભારતમાં નોટરી પબ્લીક ટી.એન. વકીલ બારડોલી સમક્ષ જવાનો પણ કોઈ પ્રસંગ બનેલ નથી. તેમ છતા વારસાઈ હકકવાળી જમીનના બોગસ કરાર બોગસ જવાબો તથા ૧૩૫–ડીની નોટીસમાં બોગસ સહીઓ કરેલી છે. અને નોંધ ન.૬૧૩૧ અમો વાદીની જાલ બહાર પડાવેલી અમ વાદીને અંધારામાં રાખી બારોબાર નોંધ પડાવેલી. જેની ગંધ અમો વાદીને બિલકુલ આવવા દીધેલી નહી. અમો વાદીના વારસાઈ હકોને નુકશાન કરતા જે ગેરકાયદેસરની નોંધ પ્રતિવાદીઓએ પડાવેલી છે તે ભોગસ લખાશો એકબીજાએ એકબીજાના નામે અંદરો–અંદર જમીનમાં નહાખોરી કરવાના મદ–આશપે બનાવેલાછે. સુંદર નોંધના કામે અમો વાદીએ કોઈ સહી–સમતી આપેલ નથી. તેમજ તે નોંધના કામે જવાબમાં તેમજ ૧૩૫–ડી ની નોટીસમાં અર્મા વાદીની કોઈ સહી નથી. તેમજ અમો વાદીએ પ્રતિ નં.૧,૨ તથા પ્રતિ નં.૩ થી ૭ ના મર્હુમ વડીલને કોઈ પાવર પણ આપેલ નથી. પરંતુ ફોજર્ડ એન્ડ ફેબ્રિકેટેડ લખાણો ઊભા કરી અને કાયદા વિરૂધ્ધનો કરાર તથા જવાબ તથા ૧૩૫–ડી ની નોટીસમાં સહી કરેલ હોવાનુ અ વાદીની તપાસમાં જણાય આવેલું છે. આમ પ્રતિવાદીઓએ અમો વાદીના હકક હિસ્સો ડુબાડવા સારૂ અમો વાદીની જાણ બહાર વારસાઈ કરાવેલી. અને અમે વાદીનું નામ ગઇ તા.૨૭.૦૧.૨૦૦૨ના રોજ કમી કરાવવા અંગેની નોંધ નં.૬૧૩૧ પડાવેલી. પરંતુ ખરેખર તે નોંધી સમયે અમર્મા વાદી ભારતમાં હતા નહીં પરંતુ વિદેશમાં હતા તેમ છતા અને વાદીના નામની બોગસ સહી કરીને અમો વાદીને ૧૩૫–ડી ની નોટીસ

બજેલી છે. તેવો ઢોંગ કરીને અમો વાદીનું નામ કમી કરવામાં આવેલું. ખરેખર અમો વાદી વાદગ્રસ્ત નોંધની તા.૨૭.૦૧.૨૦૦૨ તથા પ્રમાણીત થયાની તા.૩૦.૦૬.૨૦૦૨ ના રોજ અમો વાદી ભારતમાં હતા નહી તે બતાવવા માટે અમો વાદીએ પાસપોર્ટની નકલ નિશાની ૩.૨૧ થી ૩ /૨૨ થી રજુ કરેલી છે. જે પાસપોર્ટની નકલ જોતા પ્રતિવાદીઓએ આચરેલ કોભાંડ ખુલ્લુ પડે છે.

(૧૧) સદર દાવાવાળા તમામ દસ્તાવેજી વ્યવહારો નલ એન્ડ વોઈડ છે અને ફોલ્સ અને કેબ્રિકેટેડ દસ્તાવેજો છે. જેની કોઈ કિંમત કાયદાની નજરમાં નથી અને આવા ફેબ્રિકેટેડ વ્યવહારો કરવાથી જમીનના માલીક બની જવાતુ નથી. જેથી દસ્તાવેજ રદ કરવા અંગેની લીગલ નોટીસ અ વાદીએ અમારા વકીલશ્રી મારફત તા.૨૩.૦૧.૨૦૧૮ ના રોજ પ્રતિવાદીને આપેલી. જે નોટીસની ઓફીસ અસલમત નિશાની ૩.૧૮ થી સદર કામમાં રજુ કરેલ છે. જે નોટીસ પ્રતિવાદી નં.૧ થી ૩ તથા પ્રતિ ૧.૭ નાને આર.પી.એ.ડી.થી મોકલેલી જયારે પ્રતિવાદી નં.૪ થી ૬ તથા પ્રતિ નં.૮ થી ૧૮ નાને સ્પીડ પોસ્ટથી મોકલેલી જેના સફેદ પાવતીની નકલ નિશાની ૩ ૧૯થી રજુ કરેલી છે. જે તમામ નોટીસો પ્રતિવાદીઓને મળી ગયેલ છે તે બતાવવા માટે નિશાની ૩ ૨૦ થી પોસ્ટ ખાતાના ઓનલાઈન સ્ટેટમેન્ટની નકલ રજુ કરેલ છે. અમે વાદીએ આપેલ નોટીસ પ્રતિવાદીઓને મળી ગયેલ છે તેમ છતા પ્રતિવાદીઓએ અમો વાદીની નોટીસનો અમલ કરેલ નહી કે નોટીસનો જવાબ આપવાની તસ્દી પણ લીધેલી નહીં. પરંતુ અમો વાદીની નોટીસ પ્રતિવાદીઓને મળી જતા પ્રતિવાદીઓ અકળાયેલા છે અને તેઓને કાયદાની સાચી અને ખરી સ્થિતીનુ ભાન થતા સદર અમારી સહમાલીકીની જમીનના ખોટા કરેલ વ્યવહારોમાંથી બહાર નીકળવા હવે તેઓએ પણ અમ વાદીઓની સહમાલીકીની દાવાવાળી જમીનને ટ્રાન્સફર કરવા માંડી છે. અને જે કંઈ રકમ મળે તે મેળવી લઈ ત્રાહિત ઈસમોના નામે સદર જમીન એસાઈન કરવા માંગી રહ્યાની હકીકત અમો વાદીને હાલમાં જ ગઈ તા.૧૭.૦૨.૨૦૧૮ ના રોજ થી જાણવા મળી છે. આ સંજોગોમાં જો કોઈ ત્રાહિત અજાવવા ઈસમને દાવાવાળી જમીનને મજકુર પ્રતિવાદીઓ ટ્રાન્સફર યા એસાઈન કરી નાખે તો અમારે અનેકની જોડે વર્ષણમાં ઉતરવું પડે અને આ દાવો નિરર્થક નીવડે. અમારા હક્કોનો નાશ થાય અને અમે કાયમને માટે અમો અમારી જમીન ગુમાવી બેસીએ અને તેનો બદલો અમોને નાણાંથી પત્ર મળે નહીં તે કારવાસર આ

દાવા સાથે દરમ્યાન મનાઈ હુકમ મેળવવા માટેની અલગ માંગણી કરતી મનાઈ અરજી કરવાની ફરજ અમ વાદીને પડી છે. આ દાવો તાકીદના છે. પ્રતિવાદીઓએ એકબીજાના મેળાપીપણામાં ઉભા કરેલા દાવાવાળા દસ્તાવેજોને તાકીદે રદ કરવાની જરૂર છે તેમજ પ્રતિવાદીઓના કૃત્યોને ગેરકાયદેસરના ઠરાવી આપવા માટેની માંગણી કરતી દા દાવામા અમો વાદીના તરફથી કરવામાં આવી છે.હમાલીકીની જમીનના ખોટા કરેલ વ્યવહારોમાંથી બહાર નીકળવા હવે તેઓએ પણ અમ વાદીઓની સહમાલીકીની દાવાવાળી જમીનને ટ્રાન્સફર કરવા માંડી છે. અને જે કંઈ રકમ મળે તે મેળવી લઈ ત્રાહિત ઈસમોના નામે સદર જમીન એસાઈન કરવા માંગી રહ્યાની હકીકત અમો વાદીને હાલમાં જ ગઈ તા.૧૭.૦૨.૨૦૧૮ ના રોજ થી જાણવા મળી છે. આ સંજોગોમાં જો કોઈ ત્રાહિત અજાવવા ઈસમને દાવાવાળી જમીનને મજકુર પ્રતિવાદીઓ ટ્રાન્સફર યા એસાઈન કરી નાખે તો અમારે અનેકની જોડે વર્ષણમાં ઉતરવું પડે અને આ દાવો નિરર્થક નીવડે. અમારા હક્કોનો નાશ થાય અને અમે કાયમને માટે અમો અમારી જમીન ગુમાવી બેસીએ અને તેનો બદલો અમોને નાણાંથી પત્ર મળે નહીં તે કારવાસર આ દાવા સાથે દરમ્યાન મનાઈ હુકમ મેળવવા માટેની અલગ માંગણી કરતી મનાઈ અરજી કરવાની ફરજ અમ વાદીને પડી છે. આ દાવો તાકીદના છે. પ્રતિવાદીઓએ એકબીજાના મેળાપીપણામાં ઉભા કરેલા દાવાવાળા દસ્તાવેજોને તાકીદે રદ કરવાની જરૂર છે તેમજ પ્રતિવાદીઓના કૃત્યોને ગેરકાયદેસરના ઠરાવી આપવા માટેની માંગણી કરતી દા દાવામા અમો વાદીના તરફથી કરવામાં આવી છે.

(૧૨) સબબ વાદીનો દાવો તથા મનાઈ અરજી મંજુર થાય તેવો પ્રથમદર્શનીય ફીટ કેસ છે. બેલેન્સ ઓફ કન્વીનીય–ન્સ તથા ઈરરીપેરેબલ લોસના બન્ને ધોરણો અમો વાદીના લાભમા છે પ્રતિવાદીઓને મનાઈ હુકમ ફરમાવવાથી તેઓને કોઈ નુકશાન નથી. આ બધા કારણસર પ્રતિવાદી મજકુરોને જરૂરી હુકમો આ દાવામાં ફરમાવવાની ખાસ જરૂર ન્યાયના હિતમાં છે.

(૧૩) આ દાવાનું કારણ આ દાવા અરજીના પેરા–(૧) થી પેરા–(૧૨) માં જણાવેલ કારશોસર આ દાવાના પ્રતિવાદી નં.૩ થી ૭ ના મર્હુમ વડીલ નગીનભાઈ લલ્લુભાઈનાએ અમો વાદીના નામનો બનાવટી કુલમુખત્યારનામાનો લેખ બનાવી અમો વાદીની જાણ બહાર દાવાવાળી જમીન માંથી બોગસ કુલમુખત્યારનામાને

આધારે બોગસ હકક કમીનો કરાર ઉભો કરી અમો વાદીનું નામ રેવન્યુ દફતરેથી કમી કરી તેમના નામે તથા પ્રતિ નં.૧,૨ ના નામે દાવાવાળી જમીન કરી ત્યારબાદ પ્રતિ નં.૧,૨ તથા પ્રતિ નં.૩ થી ૭ ના મર્હુમ વડીલે દાવાવાળી જમીનને વેચાણને લગતો દસ્તાવેજ પ્રતિવાદી નં.૧૩ થી પ્રતિ નં.૧૮ ને બનાવી આપ્યો. આમ પ્રતિવાદીઓએ એકબીજાન મેળા પીપણામાં દાવા અરજીના પેરા–૮ના શિડયુલમાં જણાવેલ દસ્તાવેજો એક પછી એક બનાવી આપેલાની પહેલ વહેલી જાણ ગઈ તા.૦૧.૧૨.૨૦૧૭ ના રોજે ૭/૧૨ ની નકલો કઢાવતા તેમજ વેચાણ દસ્તાવેજોની નકલો ગઈ તા.૦૧.૧૨.૨૦૧૭ તથા નોંધોના તુમારની નકલો તા.૧૯ ૧૨.૨૦૧૭ ના રોજે મળતા થઇ ત્યારે અને તે પછી ગઈ તા.૨૩.૦૧.૨૦૧૮ ના રોજે દસ્તાવેજોને રદ કરવાની તાકીદ કરતી નોટીસ તમામ પ્રતિવાદીઓને આપતા તેનો અમલ કરેલો નહી કે તે નોટીસનો જવાબ આપેલો નહી ત્યારથી અને તે પછીથી મજકુર પ્રતિવાદીઓએ દાવાવાળી જમીનની તબદીલી કરવાની શરૂઆત તા.૧૭.૦૨.૨૦૧૮ ના રોજથી કરવા માંડી ત્યારથી ઉત્પન્ન થયુ છે. અને તે કારણ આ દાવાની તારીખે સતત ચાલુ રહયુ હોય સદર દાવાને મુદતના નિયમોનો કોઈ બાધ નડતો નથી.

(૧૪) (૧) આ દાવો દાવાવાળા વેચાણ દસ્તાવેજોને રદ કરાવવા માટેનો છે. વેચાણ દસ્તાવેજમાં વેચાણ અવેજની રકમ રૂા.૨,૧૬,૦૦૦/– ની બતાવી હોવાથી પેરા(૩) ની કેન્સલેશનની દાદ માટે આ દાવાનો આંક રૂા.૨,૧૬,૦૦૦/– નો નકકી ઠરાવી તે રકમ પર ગુજરાત કોર્ટ ફી અધિનિયમની જોગવાઈ પ્રમાણે ભરવા પાત્ર થતી રકમનો અડધો કોર્ટ ફી કોર્ટ ફીની રકમ રૂા.૪૧૦૦/– ભરેલ છે.આ દાવામાં ટેકલેરેશન તેમજ કાયમી મનાઈ હુકમ મેળવવા માટેની દાદ માંગી છે. આ દાદની મજાર કિંમત નાણામાં આકારી શકાય તેમ ન હોય આ દાદ માટેનો આંક રૂા.૧૦૦૦/– નો નક્કી કરાવી રૂા.૧૦૦/–ની રકમનો કોર્ટ ફી સ્ટેમ્પ આપેલ છે.

(ii) નામદાર કોર્ટની હકુમત–વકીલકી તેમજ પ્રોસેસ હી માટેનો આ દાવાનો કુલ આંક રૂા.૨,૧૭,૦૦૦/–ની રકમનો નકકી કરાવી કુલ રૂા.૪,૨૦૦/– ની રકમનો કોર્ટ ફી સ્ટેમ્પ ભરી આ દાવો કરવામાં આવેલો છે.

**સબબ, વાદી આથી દાદ માંગે છે કે,**

૧. આ દાવા અરજીના પેરા–(૨) માં જણાવેલ દાવાવાળી જમીનમાં અમો વાદીનો કાયદેસરનો ૧૫ ભાગનો વજ વહેંચાયેલો વારસાઈ હકક મર્હુમ લલ્લુભાઈ જીવશભાઈની શાખામાંથી ચાલી આવેલો છે. તે મુજબનુ જાહેર કરી સુંદર હકકને નુકશાન કરવાનો અને તેને નષ્ટ કરવાનો કોઈ હકક આ દાવાના હરકોઈ પ્રતિવાદીઓને નથી. તેવું ડીકલેર ઠરાવી આપશોજી.

૨. આ દાવા અરજીના પેરા–(૮) ના શિડયુલમાં જણાવેલા દાવાવાળા તમામ દસ્તાવેજોને રદ કરશોજી. અને તે દસ્તાવેજ–કરારો– પાવર કરવાનો અગર તો તેને કરાવવાનો કોઈ હકક કે અધિકાર આ દાવાના પ્રતિવાદીઓને ન હતો તેવુ ડીકલેર કરાવી સદર શિડયુલમાં જણાવેલ તમામ દસ્તાવેજોને રદ કરશોજી અને તે રદ કર્યાની યાદી મહે.પલસાણાના સબ રજીસ્ટ્રારશ્રીને તથા પલસાણાના મામલતદારને તથા તલાટી–કમ મંત્રી કડોદરાને મોકલવાનો હુકમ કરવા પણ ન્યાયના હિતમાં મે કરશોજી.

૩. આ દાવા અરજીના પેરા (૨) માં જણાવેલી દાવાવાળી જમીનના કોઈપણ ભાગની તબદીલી હરકોઈ રીતે અન્ય કોઈપણ ત્રાહીત ઈસમોને આ દાવાના પ્રતિવાદીઓએ કરવી યા કરાવવી નહી અને હરકોઈ પ્રકારના દસ્તાવેજી લખાણો ઉભા કરતા કૃત્યો તેઓએ કરવા કરાવવા નહી અને દાવાવાળી જમીનની હાલની સ્થળ, સ્થિતી, માલીકી તથા કબજા બાબતેની આ દાવાની તારીખે પ્રવર્તી રહી છે તે જ સ્થળ સ્થિતી તેઓએ યથાવત જાળવી રાખવી તેવો જાયુકનો મનાઈ હુકમ આ દાવાના પ્રતિવાદીઓને ફરમાવશોજી.

૪. આ દાવાનો તમામ ખર્ચ મજકુર પ્રતિવાદીઓ પાસેથી અમો વાદીને વસુલ અપાવશોજી

૫. નામદાર કોર્ટને બીજી જે વ્યાજબી અને મુનાસીબ લાગે તેવી વિશેષ દાદ અમો વાદીના લાભમા મંજુર કરશોજી

**(૦૨)** ઉપરોક્ત હકીકતે વાદીએ દાવો રજૂ કરતા તે દાવા રજિસ્ટરે દાખલ કરી પ્રતિવાદીઓને ધોરણસરના સમન્સ/નોટિસ કાઢતા પ્રતિવાદીઓ હાજર થઇ પ્રતિવાદી નં. ૧ તથા ૨ નાઓએ આંક-૨૬ થી  દાવા અરજી તથા મનાઈ અરજીનો લેખિત જવાબ રજુ કરેલ છે.તથા પ્રતિવાદી નં. ૧૪ થી ૧૮  નાઓએ આંક-૩૬ થી દાવા અરજી તથા મનાઈ અરજીનો  લેખિત જવાબ રજુ કરેલ છે.

**(૦૩)** વાદીએ હાલનો દાવો પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે.

**-:: મૌખિક પુરાવા ::-**

આ કામે વાદી તરફે કોઈ પણ મૌખિક પુરવા રજુ થયેલ નથી.

**-:: દસ્તાવેજી પુરાવા ::-**

| **ક્રમ** | **દસ્તાવેજી પુરાવાની વિગત** | **આંક/ નિશાની** |
|---|---|---|
| ૧ | દાવાવાળી જમીનની ૭/૧૨ ની નકલ | ૩/૧ |
| ૨ | એજન જમીનની ૮-અ ની નકલ | ૩/૨ |
| ૩ | નોધ ૩૦ ની નકલ | ૩/૩ |
| ૪ | નોધ ૧૩૦ ની નકલ | ૩/૪ |
| ૫ | નોધ ૨૪૧૨ ની નકલ | ૩/૫ |
| ૬ | નોધ ૬૧૩૧ ની નકલ | ૩/૬ |
| ૭ | હકક કમી અરજીની નકલ | ૩/૭ |
| ૮ | નોધ નં. ૬૧૩૧ ની ૧૩૫-ડી ની નોટીસ | ૩/૮ |
| ૯ | પંચોના જવાબની નકલ | ૩/૯ |
| ૧૦ | એજન જવાબના અનુસંધાનમાં રજુ કરેલ ૭/૧૨ ની નકલ | ૩/૧૦ |
| ૧૧ | વાદીના નામનો બોગસ પાવર ઓફ એર્ટની | ૩/૧૧ |
| ૧૨ | બોગસ હકક ઉઠાવ્યા અંગેના કરારની નકલ | ૩/૧૨ |
| ૧૩ | ભીખીબેનના બોગસ પાવર ઓફ એર્ટની | ૩/૧૩ |
| ૧૪ | નોધ નં. ૨૪૧૨ ના કાગળો રેર્કડ ઉપર ન હોવાનો તલાટીશ્રીનો | ૩/૧૪ |

| | | |
|---|---|---|
| | દાખલો | |
| ૧૫ | નોધ નં. ૭૫૧૯ ની નકલ | ૩/૧૫ |
| ૧૬ | પ્રતિ નં. ૧૩ થી ૧૮ ના લાભમાં કરેલ બોગસ ઇન્ડેક્ષની નકલ | ૩/૧૬ |
| ૧૭ | એજન બોગસ દસ્તાવેજની ફોટોકોપીની નકલ | ૩/૧૭ |
| ૧૮ | પ્રતિવાદીએ વાદીને આપેલ લીગલ નોટીસ | ૩/૧૮ |
| ૧૯ | એજન નોટીસ સ્પીડ પોસ્ટ કર્યાનું સફેદ પાવતી અસલ નંગ -૪ | ૩/૧૯ |
| ૨૦ | એજન નોટીસ પ્રતિવાદીઓને મળી ગયેલાની ઓનલાઇન સ્ટેટસ નંગ-૧૮ | ૩/૨૦ |
| ૨૧ | વાદી નં. ૧ ના પાસપોર્ટની નકલ સને ૧૯૮૧ થી ૧૯૯૧ નંગ-૧૮ | ૩/૨૧ |
| ૨૨ | વાદી નં. ૧ ના પાસપોર્ટની નકલ સને ૧૯૯૧ થી ૨૦૦૧ નંગ-૧૮ | ૩/૨૨ |
| ૨૩ | વાદી નં.૧ નાએ વાદી નં. ૨ નાને આપેલ કુલમુખત્યારનામાની નકલ | ૩/૨૩ |

વાદી તરફે આંક -૧૭૮ થી ફાઇનલ લેખિત દલીલ રજુ કરવામાં આવેલ છે.ત્યારબાદ આંક-૮૮ થી વાદી તરફે મૌખિત પુરાવો પુરો થયાનું પુરસીસ રજુ રાખેલ છે.

**(૦૪)** પ્રતિવાદીએ હાલનો દાવો પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે.

## -:: મૌખિક પુરાવા ::-

| ક્રમ | શાહેદોના નામ | આંક |
|---|---|---|
| ૧ | પ્રતિવાદી નં. ૧૪ કાંતીલાલ નાનચંદ શાહનાઓની સરતપાસ | ૫૬ |

## -:: દસ્તાવેજી પુરાવા ::-

| ક્રમ | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક/ નિશાની |
|---|---|---|
| ૧ | સદર કામે પ્રતિવાદી નં. ૩ થી ૭ નાઓએ પ્રતિવાદી નં.૪ ને આપેલ પાવર ઓફ એર્ટની | ૧૬ |
| ૨ | રમેશચંદ્ર નાનુભાઇ શાહના મરણના દાખલાની ઝેરોક્ષ | ૩૧ |
| ૩ | મોજે ગામ કડોદરા બ્લોક નં. ૧૨૪ ની ૭/૧૨ ની અસલ નકલ | ૩૮/૧ |
| ૪ | મોજે ગામ કડોદરા બ્લોક નં. ૧૨૪ ની ગામ નમુના નં ૧૨ ની ઝેરોક્ષ નકલ | ૩૮/૨ |
| ૫ | એજન | ૩૮/૩ |
| ૬ | એજન | ૩૮/૪ |
| ૭ | એજન | ૩૮/૫ |
| ૮ | એજન | ૩૮/૬ |
| ૯ | મોજે ગામ કડોદરા બ્લોક નં. ૧૨૪ ની જુની ૭/૧૨ ની અલસ નકલ | ૩૮/૭ |
| ૧૦ | એજન | ૩૮/૮ |
| ૧૧ | એજન | ૩૮/૯ |
| ૧૨ | એજન | ૩૮/૧૦ |
| ૧૩ | એજન | ૩૮/૧૧ |
| ૧૪ | હકકપત્રક નોધ નં. ૬૧૩૧ ની ઝેરોક્ષ નકલ | ૩૮/૧૨ |
| ૧૫ | હકકપત્રક નોધ નં. ૫૨૪૫ ની ઝેરોક્ષ નકલ | ૩૮/૧૩ |
| ૧૬ | હકકપત્રક નોધ નં. ૭૫૧૯ ની ઝેરોક્ષ નકલ | ૩૮/૧૪ |
| ૧૭ | હકકપત્રક નોધ નં. ૧૧૭૯૮ ની ઝેરોક્ષ નકલ | ૩૮/૧૫ |
| ૧૮ | હકકપત્રક નોધ નં. ૧૨૭૮૧ની ઝેરોક્ષ નકલ | ૩૮/૧૬ |
| ૧૯ | હકકપત્રક નોધ નં. ૧૨૮૫૬ની ઝેરોક્ષ નકલ | ૩૮/૧૭ |
| ૨૦ | હકકપત્રક નોધ નં. ૧૨૮૫૭ની ઝેરોક્ષ નકલ | ૩૮/૧૮ |
| ૨૧ | હકકપત્રક નોધ નં. ૧૨૯૮૬ની ઝેરોક્ષ નકલ | ૩૮/૧૯ |
| ૨૨ | નોધ નં. ૬૧૩૧ નો તુમાર | ૩૮/૨૦ |

| | | |
|---|---|---|
| ૨૩ | એજન | ૩૮/૨૧ |
| ૨૪ | એજન | ૩૮/૨૨ |
| ૨૫ | એજન | ૩૮/૨૩ |
| ૨૬ | જનરલ પાવર ઓફ એર્ટની | ૩૮/૨૪ |
| ૨૭ | હિસ્સો ઉઠાવ્યા બદલના કરારની નકલ | ૩૮/૨૫ |
| ૨૮ | જનરલ પાવર ઓફ એર્ટોનીની નકલ | ૩૮/૨૬ |
| ૨૯ | દાવાવાળી જમીનના મહેસુલના નાણા પ્રતિવાદીએ ભરેલા તેની રસીદ | ૩૮/૨૭ |
| ૩૦ | દાવાવાળી જમીનના શિક્ષણ ઉપકરના નાણા પ્રતિવાદીએ ભરેલ તેની નાણા ભર્યાની રસીદ | ૩૮/૨૮ |
| ૩૧ | કલેકટર સાહેબ સુરત તરફથી કરવામાં આવેલ હુકમની નકલ | ૩૮/૨૯ |
| ૩૨ | એજન | ૩૮/૩૦ |
| ૩૩ | એજન | ૩૮/૩૧ |
| ૩૪ | કલેકટક સાહેબ સુરત તરફથી પ્રતિવાદીને મોકલવામાં આવેલ પત્રની ઝેરોક્ષ | ૩૮/૩૨ |
| ૩૫ | કામરેજના નાયબ કલેકટર આર.ટી.આઇ અપીલ નં. ૬૧/૧૮ ના કામે કરેલ હુકમની ઝેરોક્ષ | ૩૮/૩૩ |
| ૩૬ | વેચાણ દસ્તાવેજની ઝેરોક્ષ | ૩૮/૩૪ |
| ૩૭ | મોજે ગામ કડોદરા બ્લોક નં. ૧૨૪ ની ૭/૧૨ ની અસલ નકલ | ૬૭ |
| ૩૮ | મોજે ગામ કડોદરા બ્લોક નં. ૧૨૪ ની ગામ નમુના નં ૧૨ ની ઝેરોક્ષ નકલ | ૬૮ |
| ૩૯ | એજન | ૬૯ |
| ૪૦ | એજન | ૭૦ |
| ૪૧ | એજન | ૭૧ |
| ૪૨ | એજન | ૭૨ |
| ૪૩ | મોજે ગામ કડોદરા બ્લોક નં. ૧૨૪ ની જુની ૭/૧૨ ની અલસ નકલ | ૭૩ |
| ૪૪ | એજન | ૭૪ |

| | | |
|---|---|---|
| ૪૫ | એજન | ૭૫ |
| ૪૬ | એજન | ૭૬ |
| ૪૭ | એજન | ૭૭ |
| ૪૮ | હકકપત્રક નોધ નં. ૬૧૩૧ ની ઝેરોક્ષ નકલ | ૭૮ |
| ૪૯ | હકકપત્રક નોધ નં. ૫૨૪૫ ની ઝેરોક્ષ નકલ | ૭૯ |
| ૫૦ | હકકપત્રક નોધ નં. ૭૫૧૯ ની ઝેરોક્ષ નકલ | ૮૦ |
| ૫૧ | હકકપત્રક નોધ નં. ૧૧૭૯૮ ની ઝેરોક્ષ નકલ | ૮૧ |
| ૫૨ | હકકપત્રક નોધ નં. ૧૨૭૮૧ની ઝેરોક્ષ નકલ | ૮૨ |
| ૫૩ | હકકપત્રક નોધ નં. ૧૨૮૫૬ની ઝેરોક્ષ નકલ | ૮૩ |
| ૫૪ | હકકપત્રક નોધ નં. ૧૨૮૫૭ની ઝેરોક્ષ નકલ | ૮૪ |
| ૫૫ | હકકપત્રક નોધ નં. ૧૨૯૮૬ની ઝેરોક્ષ નકલ | ૮૫ |
| ૫૬ | નોધ નં. ૬૧૩૧ નો તુમાર | ૮૬ |
| ૫૭ | દાવાવાળી જમીનના મહેસુલના નાણા પ્રતિવાદીએ ભરેલા તેની રસીદ | ૮૭ |
| ૫૮ | દાવાવાળી જમીનના શિક્ષણ ઉપકરના નાણા પ્રતિવાદીએ ભરેલ તેની નાણા ભર્યાની રસીદ | ૮૮ |
| ૫૯ | કલેકટરશ્રી સુરતના હુકમ નં. એ/આરઈવી/ નશાજ/વશી/૧૫૭૧/૨૦૧૩ રજી. નં. ૧૯/૨૦૧૩ થી તા.૧૨–૦૯–૨૦૧૩ ની સર્ટીફાઈડ નકલ | ૮૯ |
| ૬૦ | કલેકટરશ્રી સુરતના હુકમ નં. એ/આરઈવી/ નશાજ/વશી/૨૨૮૦/૨૦૧૮ રજી. નં. ૮૮/૨૦૧૭ થી તા.૧૨–૦૯–૨૦૧૩ ની સર્ટીફાઈડ નકલ | ૯૦ |
| ૬૧ | કલેકટરશ્રી સુરતના હુકમ નં. CB/NA/SURAT/Kadodara/124/1008929/2019 થી તા. ૨૧–૦૬–૨૦૧૯ ની સર્ટીફાઈડ નકલ | ૯૧ |
| ૬૨ | જમીનની પ્રિમીયમની રકમ ભરવા કલેકટરશ્રી સુરતના તરફથી નં. એ/આરઈવી/ નશાજ/વશી/૧૦૭૭/૨૦૧૩ | ૯૨ |

| | | |
|---|---|---|
| | રજી. નં. ૧૯/૨૦૧૩ થી તા.૨૪–૦૭–૨૦૧૩ ની સર્ટીફાઇડ નકલ | |
| ૬૩ | આર.ટી.એસ.અપીલ નં. ૬૧/૨૦૧૮ ના કામે કરેલ હુકમની નકલ | ૯૩ |
| ૬૪ | રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં. ૪૨૦/૨૦૦૫ ની સર્ટીફાઇડ નકલ | ૯૪ |

ત્યારબાદ આંક–૯૫ થી પ્રતિવાદી નં. ૧૪ થી ૧૮ નાઓના વિ.વ.શ્રીનાઓએ નીચે મુજબની ઓથોરીટી રજુ કરેલ છે.

1. AIR 2007 S.C.P. 2025.
2. AIR 1999 S.C.P. 1441.
3. AIR 1968 S.C.P. 1413.
4. AIR 1966 S.C.P. 1836.
5. 1995(1) G.L.H.–P.86.
6. AIR 1988 S.C.P. 881.

**(૦૫)** આ દાવાના નિર્ણય માટે મારા પુરોગામી સિવિલ જજશ્રીનાઓએ આંક–૪૬ થી નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત કરેલ છે.

**–:: મુદ્દાઓ ::–**

(૧) શું વાદી પુરવાર કરે છે કે, વાદગ્રસ્ત મિલકતમાં તેઓનો મર્હુમ લલ્લુભાઇ જીવણભાઇના વારસ તરીકે વણવહેચાયેલ ૧/૫ હિસ્સો પોસાય છે?

(૨) શું વાદી પુરવાર કરે છે કે, દાવા અરજીના પેરા ૮ માં જણાવેલ કુલ મુખ્ત્યારનામા, હકક ઉઠાવી લીધાનો કરાર તેમજ વેચાણ દસ્તાવેજ દગાયુકત, ખોટા અને રદ પાત્ર છે ?

(૩) શું પ્રતિવાદી નં. ૧૪ થી ૧૮ ના પુરવાર કરે છે કે, તેઓ શુધ્ધબુન્ધ્ધીના ખરીદનાર છે?

(૪) શું વાદીના દાવાને કોઈ કાયદાકીય જોગવાઈઓનો બાધ નડે છે?

(૫) શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે?

(૬) શું હુકમ ? શું હુકમનામું?

ત્યારબાદ દાવાના ન્યાયનિર્ણય માટેના મુદા નકકી કરવામાં આવે છે.

**(૦૬)** ઉપરોક્ત મુદ્દાઓ અંગેના મારા ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

**–:: નિર્ણયો ::–**

૧. નકારમાં.

૨. નકારમાં.

૩. હકારમાં.

૪. હકારમાં

૫. નકારમાં.

૬. આખરી હુકમ મુજબ.

**(૦૭)** ઉપરોક્ત મુદ્દાઓના નિર્ણયોના કારણો આ પ્રમાણે છે.

## -:: કારણો ::-

આ કામે તા.૦૧/૦૮/૨૦૨૩ ના રોજ વાદીના પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે.જેનો ઉલલેખ રોજકામમમાં કરવામાં આવેલ છે.આ કામે તા.૨૪/૦૯/૨૦૨૪ ના રોજ પ્રતિવાદી નં. ૧ થી ૧૩ નાઓનો જવાબ/પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે. આ કામે આંક-૬૦ થી પ્રતિવાદી નં.૧૪ નાની ઉલટતપાસ કરવાનો વાદીનો હકક બંધ કરવામાં આવેલ છે તેમજ આંક-૬૪ થી વાદીની દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે.

## મુદા નં. ૧ થી ૫ અન્વયે :-

ઉપરોકત મુદાઓ એકબીજા સાથે સંકળાયેલા હોય તેની એક સાથે ચર્ચા કરવામાં આવે છે. આમ, આ કામે વાદીએ કોઇ મૌખિક પુરાવા આપેલ નથી, જયારે ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૧૦૧ તથા ૧૦૨ મુજબ વાદીએ પોતાનો કેસ પુરાવા થકી પુરવાર કરવાની જવાબદારી તેઓના શિરે રહે છે.આ કામે વાદીએ જે પાવર ઓફ એટર્ની કરી આપેલ તે ખોટી અને રદ થવા પાત્ર હોય તે બાબતે સદરહુ પાવર ઓફ એટર્ની એફ.એસ.એલમાં મોકલેલ હોય તેવું બનેલ નથી. આમ, વાદીએ પાવર ઓફ એટર્ની તથા હકક ઉઠાવી લેવાનો કરાર તેમજ વેચાણ દસ્તાવેજ દગાયુકત, ખોટા રદપાત્ર હોવાનું સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ હોય મુદા નં.૨ નો જવાબ નકારમાં આપવામાં આવે છે અને પ્રતિવાદી નં.૧૪ થી ૧૮ નાઓ બોનાફાઇડ પરચેસર હોય મુદા નં.૩ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.આ કામે સને-૨૦૦૧ માં વાદીએ હકક ઉઠાવી લીધેલ તેનો કરાર થયેલો જયારે સદરહુ દાવાવાળી મિલકતનો વેચાણ દસ્તાવેજ સને-૨૦૦૫ માં થયેલો. આમ ૨૦૦૫ થી ૩ વર્ષનું લીમીટેશન ગણતાં વાદીએ સદરહુ દાવો સને-૨૦૦૮ માં કરવો જોઇએ તેની બદલે સદરહુ દાવો સને-૨૦૧૮ માં કરેલ હોય વાદીના દાવાને લીમીટેશનનો

બાધ નડતો હોય મુદા નં. ૪ નો જવાબ હકારમાં આપવામાં આવે છે. આ કામે વાદીએ જયારે કોઇ પુરાવો આપેલ ન હોય તેમજ પાવર ઓફ એટર્ની દગાયુકત કરેલ હોય તેવું સાબિત કરવામાં વાદી નિષ્ફળ નીવડેલ હોય વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર થતાં નથી જેથી મુદા નં. ૫ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.આ કામે વાદીએ પોતાનો હકક જતો કરેલ હોય વાદગ્રસ્ત મિલકતમાં મરહુર્મ લલ્લુભાઇ જીવણભાઇ ના  વારસ તરીકે વણવહેચાયેલ ૧/૫ હિસ્સો પોસાય તેમ ન હોય મુદા નં. ૧ નો જવાબ નકારમાં આપી મુદા નં. ૬ અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

**(૧)** વાદીનો દાવો આથી  નામંજૂર કરવામાં આવે છે.

**(૨)** ખર્ચ અંગે હુકમ નથી.

**(૩)** હુકમ મુજબ હુકમનામું દોરવું.

આજરોજ તારીખઃ  ૨૪  માહેઃ એપ્રિલ  સને ૨૦૨૬ ના રોજ આ હુકમ સહી કરી વાંચી સંભળાવી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.  ૨૪ /૦૪ /૨૦૨૬

મુ.પલસાણા. **(વિમલ પ્રદિપભાઇ આચાર્ય)**

એડી.જ્યુડિ. મેજિ. ફર્સ્ટ કલાસ, પલસાણા.

U.I.Code No.GJ01445